## આંક ૦૧ તથા આંક ૦૯ લગત સંયુકત હુકમ

૧. હાલના કામે ફરીયાદી દ્વારા આરોપી વિરૂઘ્ઘ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબની ફરીયાદ દાખલ કરેલ છે. જે અનુસંઘાને તપાસના અંતે ત.ક.અમલદાર દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામે ફરીયાદીને નોટીસ કાઢતાં ફરીયાદી કોર્ટ સમક્ષ હાજર થઇ આંક ૦૯ થી અરજી રજુ કરી મુદામાલ તેઓને પરત મળી ગયેલ હોય અને આરોપી સાથે સમાઘાન થઇ ગયેલ હોય કેસનો નિકાલ કરી માંડવાળ કરવા માંગણી કરેલ છે.

૨. સદર કામે ફરીયાદ મુજબ આરોપીએ ફરીયાદીની મોટરસાયકલની ચોરી કરેલ હોય તે મતલબ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે, જે અનુસંઘાને મોટરસાયકલ રીકવર થઇ ગયેલ હોય ફરીયાદી ફરીયાદ આગળ ચલાવવા માંગતા નથી અને આરોપી સાથે સમાઘાન થયેલ છે તેવી હકીકત જાહેર કરેલ છે. સદર માંડવાળ તથા સમાઘાન સામે એપીપીશ્રીને કોઇ વાંઘો નથી.

૩. ઉપરોકત હકીકત આરોપી વિરૂઘ્ઘ ઇ.પી.કો કલમ ૩૭૯ અન્વયે આરોપીએ ફરીયાદીની માલીકીની મોટરસાયકલની ચોરી કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવેલ છે. આજરોજ ફરીયાદી કોર્ટ સમક્ષ હાજર થઇ ફરીયાદ અનુસંઘાને કોઇ કાર્યવાહી કરવી નથી તેવી હકીકત જણાવી ફરીયાદ માંડવાળ કરવા માંગણી કરી આંક ૦૯ થી માંડવાળ કરવા પરવાનગી અરજી રજુ કરેલ છે. હાલના તબકકે ક્રિ.પો.કોડની કલમ ૩૨૦(૧) અન્વયે કોષ્ટકના પહેલા બે કોલમોમાં નિર્દિષ્ટ કરેલ ભારતના ફોજદારી અઘિનિયમની કલમો હેઠળ શિક્ષાને પાત્ર ગુનાઓની માંડવાળ જેની સમક્ષ એવા ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહી ચાલતી હોય, તે ન્યાયાલયની પરવાનગીથી તે કોષ્ટકના ત્રીજા કોલમમાં જણાવેલ વ્યકિતઓ કરી શકશે. સદરહું કલમ અંતર્ગત ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં જે માલીકની મિલકતની ચોરી થયેલ હોય તે વ્યકિત કોલમ નં. ૩ મુજબ માંડવાળ કરી શકે છે. હાલના કીસ્સામાં આંક ૦૯ થી રજુ અરજી ફરીયાદી દ્વારા આપવામાં આવેલ છે તેમજ ફરીયાદ વંચાણે લેતાં ફરીયાદીની માલીકીની મોટરસાયકલ ચોરી થયેલ હોવાની હકીકત જણાવેલ છે તે સંજોગોમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૨૦(૧) અન્વયે ફરીયાદી માંડવાળ કરી શકે તેમ છે. આમ, જયારે ફરીયાદી સ્વેચ્છાએ માંડવાળ કરવા માંગતાં હોય, આંક ૦૯ આઘારે હાલના કામે પક્ષકારોને માંડવાળ કરવાની પરવાનગી આપવી ન્યાયીક જણાતુ હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

# <u>હુકમ</u>

હાલના કામે ફરીયાદીની આંક ૦૯ થી રજુ અરજી આધારે પક્ષકારોને ઇ. પી. કો કલમ ૩૭૯ ના ગુના સબબ ક્રિ.પો.કોડની કલમ ૩૨૦(૧) અન્વયે માંડવાળ કરવાની પરવાનગી આપી, ક્રિ. પ્રો. કોડની કલમ ૩૨૦(૮) અન્વયે આરોપીઓને સદર ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.

મુદામાલ મોટરસાયકલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો કાયમ રાખવા અન્યથા માલીકીની ખરાઇ કરી સંબંધીત પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટરશ્રીને પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૨૨ માહે જુન, ૨૦૨૪ ના દિને નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી. જે. કાયસ્થ)
૮માં એડી. ચીફ જયુ. મેજી.,
રાજકોટ
જીજે-૦૧૦૫૩